# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી-01

ફોનઃ011-23005700, ફેક્સઃ 011-235787

# મારા ટેલિફોનના રેકોર્ડની વિગતો અને નાગરિકનો ગોપનીયતા અધિકાર

- શ્રી અરુણ જેટલી

(રાજ્યસભાના વિપક્ષી નેતા)

છેલ્લા થોડા મહિનાઓથી હું મારા મોબાઈલ ફોનની જાસુસીના સમાચારો પર ખુબ ધ્યાનપૂર્વક નજર રાખી રહ્યો છું. મારા ટેલિફોનના રેકોર્ડની વિગતો પ્પાપ્ત કરવાનો પ્રયાસ અગાઉ થઈ ચૂક્યો છે. દિલ્હી પોલીસના બે વરિષ્ઠ અધિકારીઓ મને તે કેસમાં થયેલી પ્રગતિની જાણકારી આપવા મળ્યા હતા.

**<u>હકીકતો</u>**

દિલ્હી પોલીસે અગાઉ ત્રણ વખત સત્તાવાર રીતે મારા મોબાઈલ ફોનના કોલ રેકોર્ડની વિગતો માગી હતી. તે વિગતો દક્ષિણ દિલ્હી, કેન્દ્રીય જિલ્લા અને દિલ્હી ક્રાઈમ બ્રાન્ચે માગી હતી. સત્તાવાર રીતે ફોનકોલ્સની વિગતો માગવા અપાયેલા કારણો વિચિત્ર અને બિનતર્કસંગત હતા. એવું જણાય છે કે બે વિવિધ સમયે ફોનકોલ્સની વિગતો મગાવવા પાછળ દિલ્હીના એક ફાર્મ હાઉસમાં થયેલા બેવડી

હત્યાની તપાસ કારણભૂત હતી. ત્રીજીવાર દિલ્હી પોલીસના હેડકોન્સ્ટેબલે એણ કહીને વિગતો માગી કે તમે અદાલતથી પરત આવી રહ્યા હતા, ત્યારે નકલી નોટ કૌભાંડમાં થયેલી ધરપકડમાં કંઈક પુરાવા મળી શકે. હકીકતમાં બંને કારણો બનાવટી હતા. મારા ફોનકોલ્સમાંથી એવી કોઈ વિગતો મળી શકે એમ હતી જ નહિ. તે બંને ગુનાના આરોપીઓ સાથે મારો કોઈ સંબંધ નથી.

અન્ય એક કેસમાં દિલ્હી પોલીસે એક ખાનગી જાસુસના ઈશારે કામ કરી રહેલા પોલીસ કોન્સ્ટેબલને અમુક એવા ફોનકોલ્સની વિગતો લાવવા કહેવામાં આવ્યું કે જે ફોન મારા નામે હતા, પણ તેનો ઉપયોગ મારા ડ્રાઈવર કરતા હતા. ત્રીજા ફોનનો ઉપયોગ મારો પુત્ર કરતો હતો. હું જ્યારે મોટરમાં હોઉ કે મિટીંગમાં તે વખતે હું ડ્રાઈવરના ફોનનો ઉપયોગ પણ કરતો હતો. દિલ્હી પોલીસે એવો દાવો કર્યો કે એક ટેલિફોન સર્વિસ પ્રોવાઈડર કંપનીના જાગૃત કર્મચારીએ તે કોશિશને નાકામિયાબ બનાવી કારણ કે મારા કામકાજમાં તેને કોઈક ગરબડની આશંકા જણાઈ હતી. તે ફોનકોલ્સની વિગતો સત્તાવાર રીતે લેવામાં આવી અને ગેરકાનુની રીતે નવેમ્બર-ડિસેમ્બર 2012 તથા જાન્યુઆરી-2013માં તેના પર નજર રાખવામાં આવી હતી. હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ સ્તરના જુનિયર અધિકારીઓ ફોનકોલ્સની વિગતો સુધી પહોંચી શક્તા હતા.

તે સમયગાળામાં મારા ફોનકોલ્સની વિગતોમાંથી કોઈક પુરાવા પ્રાપ્ત કરવાનું દુસાહસ થઈ રહ્યું હતું. ફોનકોલ્સની વિગતો મગાવાઈ હતી તે ફોન મારા નામે હતા, પણ તેનો ઉપયોગ મારા ડ્રાઈવર કરતા હતા. ત્રીજા ફોનનો ઉપયોગ મારો પુત્ર કરતો હતો. હું જ્યારે મોટરમાં હોઉ કે મિટીંગમાં તે વખતે હું ડ્રાઈવરના ફોનનો ઉપયોગ પણ કરતો હતો. દિલ્હી પોલીસ માને છે કે તે ત્રણેય પ્રયાસોને એકબીજા સાથે સંબંધ નથી. પોલીસ એવા લોકો પર નજર રાખી રહ્યાનો દાવો કરતી હતી કે જેઓને સંકટ સમયમાં મેં સંપર્ક ક્યો હતો.

## <u>પ્રભાવ</u>

આ મુદ્દો ઊઠાવવા પાછળનો મારો હેતુ કોઈ સહાનુભૂતિ મેળવવાનો નથી. આ મુદ્દા સાથે જનહિતની અનેક બાબતો સંકળાયેલી હોવાથી આ મુદ્દો ઊઠાવી રહ્યો છું. ભારતના પ્રત્યેક નાગરિકને ગોપનીયતાનો અધિકાર છે. આ વ્યક્તિ સ્વાતંત્ર્યનું અવિભાજ્ય અંગ છે. ગોપનીયતાના અધિકારમાં હસ્તક્ષેપ વ્યક્તિસ્વાતંત્ર્ય પર તરાપ છે. કોઈપણ વ્યક્તિના ફોનકોલ્સની વિગતો અનેક પ્રકારના કામકાજની જાણકારી આપી શકે છે. એક સામાન્ય નાગરિક તરીકે તે વિગતો સંબંધો પર પ્રભાવ પણ પાડી શકે છે. એક વ્યાવસાયિકના નાણાકીય કામકાજ પર પણ અસર પાડી શકે છે. પત્રકારોને નાણાકીય સ્રોતની માહિતી મળી શકે છે. એક રાજકારણીની કોની કોની સાથે વાતચીત થઈ રહી છે તેની જાણકારી પણ મળી શકે છે. કોઈને એ જાણવાનો અધિકાર નથી કે એક નાગરિક(સંસદમાં વિપક્ષના નેતા)ની કોની કોની સાથે વાતચીત થઈ રહી છે. આવી રીતે સત્તાવાર કે બિનસત્તાવાર રીતે ફોનકોલ્સની વિગતો લેવાથી વ્યક્તિસ્વાતંત્ર્ય જોખમમાં મુકાશે. સાંસદોના કિસ્સામાં હવે એવો સવાલ ઊઠી રહ્યો છે કે પત્રકારોની જેમ સાંસદોને પણ ગુપ્ત માહિતી આપતા સ્રોત હોય છે, તેની વિગતો જાહેર ન થવી જોઈએ. સાંસદ પાસે અનેક વિશેષાધિકાર હોય છે. ગુપ્ત માહિતી જેમની પાસેથી મળતી હોય તેના નામો જાહેર તઈ જાય તો તે વિયક્તિઓ જાણકારી આપે જ નહિ. પોલીસ વિશેષાધિકાર ધરાવતા વિપક્ષી નેતાના ફોનકોલ્સની વિગતો સુધી પહોંચે તો સામાન્ય નાગરિકનું શું એ વિચારતા રુંવાડા ઊભા થઈ જાય છે.

આ ઘટનાએ એક ભય તરફ જનતાને લાલબત્તી ધરી છે. આપણે આધાર નંબરના યુગમાં પ્રવેશી ચૂક્યા છીએ. સરકારે લગ્ન રજિસ્ટ્રેશનથી માંડીને મિલકતોના દસ્તાવેજોના રજિસ્ટ્રેશન માટે આધાર નંબર ફરજિયાત બનાવવાનું નક્કી કર્યું છે. જેઓ બીજાના મામલામાં દખલ દે છે તેઓ બૅન્ક ખાતાની વિગતો સુધી પણ પહોંચી શકે. આવું થાય તો તેના પરિણામો ઘણા માઠા રહેશે.